# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 10-06-2024** **Evening : 7.50 to 8.00**
**Day : MONDAY** **National News**

**આકાશવાણી સમાચાર મિત્તલ પટેલ વાંચે છે.**

---

- ✓ કેન્દ્રીય મંત્રીમંડળના વિભાગોની ફાળવણીઃ અમિત શાહને ગૃહ, રાજનાથ સિંહને સંરક્ષણ, નિર્મલા સીતારમણને નાણા મંત્રાલય અપાયું
- ✓ નવી સરકારના કેન્દ્રીય મંત્રીમંડળની પ્રથમ બેઠકમાં પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત ગામડા અને શહેરોમાં 3 કરોડ ઘર બનાવવાનો નિર્ણય
- ✓ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કાર્યભાર સંભાળ્યો - કિસાન સન્માન નિધિના 17માં હપ્તાને મંજુરી આપતી પ્રથમ ફાઇલ પર હસ્તાક્ષર કર્યા
- ✓ સિક્કિમ ક્રાંતિકારી મોરચાના વડા પ્રેમસિંગ તમાંગે સિક્કિમના મુખ્યમંત્રી પદના શપથ લીધા - ચંદ્રબાબુ નાયડુ બુધવારે આંધ્રપ્રદેશના મુખ્યમંત્રી પદના શપથ લેશે.
- ✓ ગોવા, મહારાષ્ટ્ર, અને કર્ણાટકના કેટલાક ભાગોમાં ભારેથી અતિ ભારે વરસાદની હવામાન ખાતાની આગાહી
- ✓ ટી-20 વિશ્વકપમાં આજે દક્ષિણ આફ્રિકાનો મુકાબલો બાંગ્લાદેશ સામે

---

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# Cabinet allocation

કેન્દ્રીય મંત્રીમંડળના વિભાગોની ફાળવણી કરવામાં આવી છે. અમિત શાહને ગૃહ અને સહકારિતા, રાજનાથ સિંહને સંરક્ષણ, નિર્મલા સીતારમણને નાણા મંત્રાલય, ડોક્ટર એસ જયશંકરને વિદેશ, અને નિતિન ગડકરીને માર્ગ પરિવહન મંત્રાલયના અગાઉનાં ખાતા યથાવત રાખવામાં આવ્યા છે. અશ્વિની વૈષ્ણવને રેલવે અને માહિતી અને પ્રસારણ મંત્રાલય ફાળવવામાં આવ્યું છે.

મનોહર લાલને શહેરી વિકાસ મંત્રાલય, જીતનરામ માંઝીને એમએસએમઇ, શિવરાજ સિંહને કૃષિ અને વિકાસ મંત્રાલયની ફાળવણી કરવામાં આવી છે.

. . . . . . . . . . . . . . . . . .

# Cabinet Meeting

કેન્દ્રીય મંત્રીમંડળે પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત ગામડાં અને શહેરોમાં ત્રણ કરોડ ઘર બનાવવાનો નિર્ણય લીધો છે. તમામ ઘરોમાં શૌચાલય, રાંધણગેસ, વીજળી અને પાણી જેવી પ્રાથમિક સુવિધા પૂરી પાડવામાં આવશે. નવી દિલ્હીમાં પ્રધાનમંત્રીના નિવાસસ્થાને આજે સાંજે નવી એનડીએ સરકારનાં મંત્રીમંડળની પ્રથમ બેઠકમાં આ નિર્ણય લેવામાં આવ્યો છે. આ યોજના અંતર્ગત સરકારે છેલ્લાં 10 વર્ષમાં ચાર કરોડ 21 લાખ ઘરો બનાવ્યા છે.

આજે સવારે શ્રી મોદીએ સતત ત્રીજી વખત પ્રધાનમંત્રી તરીકેનો વિધિવત્ રીતે કાર્યભાર સંભાળ્યો હતો. કાર્યભાળ સંભાળતા જ શ્રી મોદીએ પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિના 17મા હપ્તાને મંજૂરી આપતી પ્રથમ ફાઈલ પર હસ્તાક્ષર કર્યા હતા. આનાથી આશરે નવ કરોડ 30 લાખ ખેડૂતોને લાભ થશે.

શ્રી મોદીએ કહ્યું, નવી સરકારનો તેમનો પ્રથમ નિર્ણય ખેડૂત કલ્યાણ માટે સરકારની પ્રતિબદ્ધતા દર્શાવે છે. તેમણે કહ્યું કે, તેમની સરકાર ખેડૂતોના કલ્યાણ માટે સંપૂર્ણપણે પ્રતિબદ્ધ છે.

દરમિયાન, પીએમઓના અધિકારીઓ અને કર્મચારીગણને સંબોધતા શ્રી મોદીએ જણાવ્યું છે કે, તેમણે હંમેશા પ્રધાનમંત્રી કાર્યાલયને સેવાના કેન્દ્ર તરીકે અને લોકોના કાર્યાલય તરીકે સ્થાપવાનો પ્રયત્ન કર્યો છે. શ્રી મોદીએ સરકારી કર્મચારીઓનાં પ્રદાનની પ્રશંસા કરી હતી.

. . . . . . . . . . . . . . . . . .

## Revise JAMMU KASHMIR SEARCH OPERATION

**જમ્મુ અને કાશ્મીરમાં, ગઈકાલે યાત્રાળુઓની બસ પર હૂમલા માટે જવાબદાર આતંકવાદીઓને શોધવા માટે સલામતી દળોએ તપાસ અભિયાન શરૂ કર્યું છે. એનઆઇએની ટીમ આજે રઇસી જિલ્લામાં પહોંચી હતી અને સ્થાનિક પોલિસ સાથે સંકલન સાધી રહી છે.**

**અમારા આકાશવાણીના જમ્મુ પ્રતિનિધી જણાવે છે કે, સલામતી દળોએ હુમલા માટે જવાબદાર ત્રાસવાદીઓને પકડવા શોધખોળ અભિયાન હાથ ધર્યું છે. આ હુમલામાં 10 લોકોના મોત થયા હતા જ્યારે 33ને ઇજા થઈ હતી. બસ શિવ ખોડી મંદિરથી માતા વૈષ્ણો દેવી મંદિર કટરા જતી હતી. ઉત્તરપ્રદેશ, રાજસ્થાન અન દિલ્હીના પ્રવાસીઓથી ભરેલી બસ પર ત્રાસવાદીઓએ ગોળીબાર કરતાં ડ્રાઇવરે નિયંત્રણ ગુમાવ્યું હતું અને બસ ઊંડી ખીણમાં ખાબકી હતી.**

જમ્મૂ કાશ્મીરના ઉપરાજ્યપાલ મનોજ સિન્હાએ આંતકવાદી હુમલાને અશાંતિ ફેલાવવાનાં હેતુ કરવામાં આવેલો ‘અયોગ્ય પ્રયત્ન’ ગણાવ્યો છે. હૉસ્પિટલમાં ઇજાગ્રસ્તોને મળવા ગયેલા ઉપરાજ્યપાલે કહ્યું કે આવા પ્રયાસોને કડકાઈથી ડામી દેવામાં આવશે. અને આતંકવાદીઓને છોડવામાં નહીં આવે. શ્રી સિન્હાએ કહ્યું કે પ્રધાનમંત્રી અને ગૃહમંત્રી સતત સ્થિતિનું નિરીક્ષણ કરી રહ્યાં છે. હુમલાખોરોને પકડવા માટે તપાસ અભિયાન શરૂ કરાયું છે. ઉપરાજ્યપાલે મૃતકોના પરિવારજનોને 10 લાખ, જ્યારે ઈજાગ્રસ્તોને 50 હજારની સહાય જાહેર કરી છે.

. . . . . . . . . . . . . . . . . .

## Revised.. Odisha, sikkim and Andhra CM

સિક્કિમ ક્રાંતિકારી મોરચાના વડા પ્રેમ સિંઘ તમાંગે આજે રાજધાની ગંગટોકમાં બીજી વાર રાજ્યના મુખ્યમંત્રી પદના શપથ લીધા હતા. રાજ્યપાલ લક્ષ્મણ પ્રસાદ આચાર્યએ તેમને પદ અને ગુપ્તતાના શપથ લેવડાવ્યા હતા. તેમની

સાથે 11 કેબિનેટ પ્રધાનોએ પણ શપથ લીધા હતા. સિક્કિમ ક્રાંતિકારી મોરચાએ 32 વિધાનસભા બેઠકોમાંથી 31 પર વિજય મેળવ્યો હતો.

દરમિયાન, તેલુગુ દેસમ પાર્ટીના નેતા એન ચંદ્રબાબુ નાયડુ બુધવારે ક્રિશ્ના જિલ્લામાં ગન્નાવરમ ખાતે આંધ્રપ્રદેશના મુખ્યમંત્રી પદના શપથ લેશે.

દરમિયાન, ઓડિશાના મુખ્યમંત્રીની પસંદગી માટે ભાજપે નિરીક્ષકો તરીકે કેન્દ્રીય મંત્રીઓ રાજનાથ સિંહ અને ભુપેન્દ્ર યાદવને નિયુક્ત કર્યા છે. આવતી કાલે સવારે ભુવનેશ્વરમાં કેન્દ્રીય નિરીક્ષકોની બેઠક મળવાની સંભાવના છે. સુરેશ પુજારી સહિત અનેક નામ મુખ્યમંત્રી માટે ચર્ચાઈ રહ્યા છે.

ઉલ્લેખનીય છે કે ઓડિશાના મુખ્યમંત્રીની શપથવિધી 12 જૂને યોજાશે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી પણ આ સમારોહમાં હાજર રહેશે.

તાજેતરમાં યોજાયેલી વિધાનસભા ચૂંટણીમાં ભારતીય જનતા પાર્ટીને 147 બેઠકોમાંથી 78 બેઠકો મળી હતી. બીજેડીને 51 અને કોંગ્રેસને 14 બેઠકો મળી હતી.

. . . . . . . . . . . . . . . . .

## EC - BYE-ELECTION

કેન્દ્રિય ચૂંટણી પંચે સાત રાજ્યોની 13 વિધાનસભા બેઠકોની પેટાચૂંટણીનો કાર્યક્રમ જાહેર કર્યો છે. આમાંથી પશ્ચિમ બંગાળમાં ચાર, હિમાચલ પ્રદેશમાં ત્રણ, ઉત્તરાખંડમાં બે અને બિહાર, તમિલનાડુ, મધ્યપ્રદેશ અને પંજાબમાં એક-એક

વિધાનસભા મતવિસ્તાર છે. આ વિધાનસભા મતવિસ્તારો માટે 10 જુલાઈએ મતદાન અને 13 જુલાઈએ મતગણતરી યોજાશે..

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

## S Jaishankar

કેન્દ્રીય મંત્રી ડો. એસ જયશંકરે આજે નવી દિલ્હીમાં મોરેશિયસના પ્રધાનમંત્રી પ્રવિંદ જુગનૌથની મુલાકાત લીધી હતી. સોશિયલ મિડીયા પોસ્ટમાં ડો. જયશંકરે જણાવ્યું હતું કે, તેમની વાતચીતમાં ભારત- મોરેશિયસ વચ્ચેનાં સંબંધોનું પ્રતિબિંબ છલકાયુ હતું. શ્રી જયશંકરે નેપાળના પ્રધાનમંત્રી પુષ્પાકમલ દહલ ઉપરાંત માલ્દિવ્સના પ્રમુખ મોહમ્મદ મુઇઝ્ઝુ સાથે પણ મુલાકાત કરી હતી. તેઓ રાજધાનીમાં બાંગલદેશના પ્રધાનમંત્રી શેખ હસીના, શ્રીલંકાના પ્રમુખ રાનિલ વિક્રમસિંઘે, ભુતાનના પ્રધાનમંત્રી ત્શેરિંગ ટોબગે અને સેશેલ્સના ઉપરાષ્ટ્રપતિ અહેમદ અફિફને પણ મળ્યા હતા.

. . . . . . . . . . . . . . . . . . .

## REVANNA-CUSTODY

જનતા દલ (સેક્યુલર)માંથી સસ્પેન્ડડ કરાયેલા નેતા પ્રજવલ રેવન્નાને બેંગલુરુની સ્થાનિક અદાલતે જાતિય સતામણીનાં કેસમાં 24 જુન સુધીની ન્યાયિક અટકાયતમાં મોકલ્યા છે. આ કેસની તપાસ કરી રહેલી વિશેષ ટ્રકડીએ તપાસ માટે પ્રજવલની વધુ કસ્ટડીની માંગ ન કરતા 42મા એડિશનલ સિટી સિવિલ અને સેશન્સ જજે ઉપરોક્ત આદેશ જારી કર્યો હતો. 30મેનાં રોજ વહેલી સવારે જર્મનીથી આવેલા પ્રજવલની બેંગલુરુ વિમાનમથકે ધરપકડ કરવામાં આવી છે.

. . . . . . . . . . . . . . . . . .

## Weather

હવામાન વિભાગે ગોવા, મહારાષ્ટ્ર અને કર્ણાટકના કેટલાક ભાગોમાં ભારેથી અતિભારે વરસાદની શક્યતા માટેનું રેડ એલર્ટ આપ્યું છે.

દરમિયાન, પંજાબ, હરિયાણા, બિહાર, ઝારખંડ, પશ્ચિમ બંગાળ, હિમાચલ પ્રદેશ, ઉત્તરાખંડ, દિલ્હી, રાજસ્થાન અને મધ્યપ્રદેશના કેટલાક ભાગોમાં આગામી 13મી સુધી ગરમીની સ્થિતિ યથાવત રહેશે.

હવામાન વિભાગે આગામી 3 થી 4 દિવસ દરમિયાન કર્ણાટક, કેરળ, લક્ષદ્વીપ અને આંધ્રપ્રદેશમાં વાવાઝોડા, વીજળી અને ભારે પવન સાથે હળવોથી મધ્યમ વરસાદ થવાની શક્યતા વ્યક્ત કરી છે. આગામી 6 દિવસ દરમિયાન ઉત્તર-

પૂર્વ ભારત અને પશ્ચિમ બંગાળમાં જ્યારે પૂર્વ અને મધ્ય ભારતમાં, બિહાર, ઝારખંડ, ઓડિશા, મધ્યપ્રદેશ અને છત્તીસગઢમાં આગામી 4 દિવસ દરમિયાન સમાન સ્થિતિ રહેવાની શક્યતા છે.

. . . . . . . . . . . . . . . . . .

## Revise MANIPUR ATTACK

મણિપુરના જિરીબામમાં મુખ્યમંત્રી એન. બીરેન સિંહની સલામતી ટૂકડી પર આજે સવારે કેટલાંક અજાણ્યા લોકોએ હુમલો કર્યો હતો. આ હુમલો રાષ્ટ્રીય ધોરીમાર્ગ 37 પર એક ગામ નજીક થયો હતો. જોકે મુખ્યમંત્રી આ દળ સાથે ન હતા.

આ ઘટનામાં એક પોલીસકર્મીને ગંભીર ઈજા થઈ છે, જેમને સ્થાનિક હૉસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા છે. ઘટના સ્થળે વધારાના સુરક્ષા દળો તૈનાત કરાયા છે, અને હુમલાખોરોની તપાસ શરૂ કરાઈ છે.

મુખ્યમંત્રી બિરેન સિંહે હૂમલાની ટીકા કરી હતી અને ખાતરી આપી હતી કે દોષિતોને પકડવામાં સરકાર કોઈ કસર છોડશે નહીં. શ્રી સિંહે ઇજાગ્રસ્ત ડ્રાઇવરની મુલાકાત લીધી હતી. દરમિયાન, સલામતી દળો ઘટના સ્થળની આસપાસ શોધખોળ અભિયાન હાથ ધરી રહ્યા છે.

દરમિયાન ગયા મહિને રાજ્યમાં ચક્રવાતી વાવાઝોડાંથી થયેલા નુકસાનનો તાગ મેળવવા કેન્દ્રીય ટૂકડી આજે મણિપુર આવી હતી.

. . . . . . . . . . . . . . . . . .

# T-20-MATCHES

થોડી વારમાં ન્યૂયોર્કનાં નાસાઉ કાઉન્ટી ઇન્ટરનેશનલ ક્રિકેટ સ્ટેડિયમ ખાતે આઇસીસી ટી 20 વિશ્વ કપની ગ્રૂપ તબક્કાની મેચમાં આજે દક્ષિણ આફ્રિકાનો મુકાબલો બાંગલાદેશ સામે શરૂ થશે. ગઈ કાલે ભારતે ન્યૂયોર્કમાં આ જ મેદાન પર રમાયેલી રોમાંચક મેચમાં પાકિસ્તાનને છ રને હરાવ્યું હતું. ગઇ કાલની અન્ય એક મેચમાં સર વિવિયન રિચર્ડ્સ સ્ટેડિયમ ખાતે સ્કોટલેન્ડે ઓમાનને સાત વિકેટે હરાવ્યું હતું. પ્રથમ બેટિંગ કરતા ઓમાને 20 ઓવરમાં સાત વિકેટે 150 રન કર્યા હતા. જવાબમાં સ્કોટલેન્ડે માત્ર ત્રણ વિકેટ ગુમાવીને 13 ઓવરમાં લક્ષ્યાંક હાંસલ કર્યો હતો.

. . . . . . . . . . . . . . . . . .